ક્રમાંક/મહેકમ/૫/૭૨

કમિશ્નર કચેરી
(મહેકમ શાખા)
ભાવનગર મહાનગરપાલિકા
ભા વ ન ગ ર
તા.૨૯/૪/૨૦૧૫

વિષય :– **મોંઘવારી ભથ્થાના દર બાબત.**

વં.સં. :– (૧) ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક :વલભ–૧૦૨૦૧૫–જીઓઆઈ–૦૮–ચ, સચિવાલય, ગાંધીનગર, તા.૨૪/૪/૨૦૧૫

---

હુ ક મ :–

ગુજરાત સરકારશ્રીનાં નાણા વિભાગના વંચાણ સંદર્ભ–(૧)નાં ઠરાવથી રાજય સરકારશ્રીના અધિકારી /કર્મચારીઓને તથા પેન્શનરો તેમજ કુટુંબ પેન્શનરોને મોંઘવારી ભથ્થાનાં પ્રવર્તમાન દરોમાં તા. ૧/૧/૨૦૧૫ થી સુધારણા કરી ૬% મોંઘવારીનો વધારો (૧૦૭ + ૬ =૧૧૩%) ચુકવવાનું નકકી કરેલ છે.

સબબ, વંચાણ સંદર્ભ–(૧) ના ઠરાવનાં ધોરણે ભાવનગર મહાનગરપાલિકાના અધિકારી/ કર્મચારીઓને મોંઘવારી ભથ્થાનો દર, મુળ પગાર +ગ્રેડ પે ઉપર ૧૧૩% મુજબ મે–૨૦૧૫ ના પગાર પેઈડ ઈન જુન–૨૦૧૫ નાં પગાર સાથે ચુકવવા તેમજ પેન્શનરો તેમજ કુટુંબ પેન્શનરોને મોંઘવારી ભથ્થાનો દર પેન્શનનાં ૧૧૩% મુજબ મે–૨૦૧૫ ના પગાર પેઈડ ઈન જુન–૨૦૧૫ નાં પેન્શન સાથે ચુકવવા આથી હુકમ કરવામાં આવે છે. સરકારશ્રીનાં વંચાણ સંદર્ભ–(૧) ની વિગતે તા.૧/૧/૨૦૧૫ થી તા.૩૦/૪/૨૦૧૫ સુધીનાં એરીયર્સની રકમની ચુકવણી સફાઈ કામદારોને તા.૧૪/૫/૨૦૧૫ ના રોજ તેમજ પેન્શનરોને તા.૧૬/૫/૨૦૧૫ ના રોજ તથા અધિકારીશ્રી/કર્મચારીઓને તા.૧૮/૫/૨૦૧૫ ના રોજ ચુકવવા હુકમ કરવામાં આવે છે. આ અન્વયે સબંધીત વિભાગોએ બનાવવાના એરીયર્સ બીલ તૈયાર કરી ચુકવણાની તારીખ પહેલા ઓડીટ ચકાસણી કરાવી એકાઉન્ટ વિભાગે પહોચતા કરવાના રહેશે. સબંધીત સર્વોએ તે મુજબ અમલ કરવો.

<u>નોંધપર કમિશ્નરશ્રીની આજ્ઞાનુસાર</u>

નાયબ કમિશ્નર (જનરલ)
મહાનગરપાલિકા
ભાવનગર

<u>સવિનય નકલ રવાના જાણ અર્થે :–</u>

(૧) મેયરશ્રી, મહાનગરપાલિકા, ભાવનગર.
(૨) માન.ચેરમેનશ્રી, મહાનગરપાલિકા, ભાવનગર.

<u>અમલ થવા નકલ રવાના :–</u>

(૧) ચીફ ઓડીટરશ્રી.... સંદર્ભ–૧ના ઠરાવની ઝેરોક્ષ નકલ સામેલ છે.
(૨) ચીફ એકાઉન્ટન્ટશ્રી ---"---
(૩) કોમ્પ્યુટર વિભાગ ---"---
(૪) દરેક વિભાગ તરફ.....